# સેન્સેક્સમાં ૩૮૮ પોઈન્ટનો મોટો ઘટાડો

મુંબઈ,તા. ૨૩

શેર બજારમાં આજે જુદા-જુદા કારણોસર ભારે અફડાતફડી મચી ગઈ હતી. પ્રતિકુળ સંજોગોના લીધે ભારે વેચવાલી જોવા મળી હતી. એસબીઆઈ અને લાર્સન એન્ડ ટુબરોમાં વેચવાલીથી શેરબજારમાં અફડાતફડી રહી હતી. કારોબારમાં અંતે સેનસેક્સ ૩૮૮ પોઈન્ટ ઘટી ૧૯૬૭૪ની નીચી સપાટી રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૨૭ પોઈન્ટ ઘટી ૫૯૬૭ની નીચી સપાટીએ રહ્યો હતો. એકબાજુ સેનસેક્સે ૨૦૦૦૦ની જ્યારે નિફ્ટીએ ૬૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. ૧૪મી મે ૨૦૧૩ બાદથી નિફ્ટીએ પ્રથમ વખત ૬ હજારની સપાટી ગુમાવી હતી. એસબીઆઈ જે દેશની સૌથી મોટી વાણિજ્ય બેંક છે. આ બેંકે આજે કહ્યું હતું કે, ૩૧મી માર્ચ ૨૦૧૩ના દિવસે પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં તેનો નેટ નફો એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૮.૫ ટકા સુધી ઘટીને ૩૨૯૯ કરોડ સુધી પહોંચી ગયો છે. ઉંચી જોગવાઈ અને વ્યાજની આવકમાં ઘટાડો થતાં તેના



નેટ નફામાં ઘટાડો થયો છે. એસબીઆઈના શેરમાં આશરે ૭ ટકાનો કડાકો બોલી ગયો હતો. કારણકે, કમાણીના આંકડા બજારની અપેક્ષા કરતાં ખૂબ જ નબળા રહ્યા હતા. બજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતો માની રહ્યાં હતા કે, બેંકના ચોથા ત્રિમાસિક ગાળાના નેટ નફામાં ઘટાડો થશે. જો કે, અપેક્ષા કરતા વધારે ઘટાડો નોંધાયો હતો. જો કે, નાણામંત્રી પી ચિદંબરમની ખાતરીના કારણે બજારમાં આંશિક સુધારો થયો હતો. પરંતુ કારોબારના અંતે મોટો ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં આજે સવારે મંદીનુ મોજુ ફરી વળ્યું હતું. કારોબારી શરૂઆતમાં સેન્સેક્સ ૮૪ પોઈન્ટ ઘટીને ૨૦ હજારથી નીચે પહોંચી ગયો હતો. સેન્સેક્સ ૧૯૯૭૮ની સપાટી પર પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૩ પોઈન્ટ ઘટીને ૬૦૬૨ની સપાટીએ પહોંચ્યો હતો. શરૂઆતમાં જ મોટો ઘટાડો થતાં એમ માનવામાં આવી રહ્યું હતું કે, દિવસ દરમિયાન મંદી રહેશે અને કારોબારીઓની આ ગણતરી સાચી સાબિત થઈ હતી. બુધવારના દિવસે અમેરિકી શેરબજારમાં મંદી રહી હતી. એસએન્ડપી ૫૦૦માં છેલ્લા ત્રણ સપ્તાહના ગાળામાં સૌથી મોટો ઘટાડો થયો હતો. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં ૦.૫૨ ટકાનો ઘટાડો થતા તેની સપાટી ૧૫૩૦૭ નોંધાઈ હતી. જ્યારે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો ઘટાડો થયો હતો જેથી તેની સપાટી ૧૬૫૫ રહી હતી.

## આઈઆઈએમ બેંગલોરમાં બોંબ અફવાથી ભારે ભાગદોડ

બેંગલોર,તા. ૨૩

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ-બેંગલોર (આઈઆઈએમબી)માં બોંબ પ્લાન્ટ કરવામાં આવ્યો છે તેવો એક ટેલીકોમ આવ્યા બાદ આજે ભારે અફડાતફડી મચી ગઈ હતી અને ઊંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. કેમ્પસમાં રહેલા સ્ટાફના સભ્યો અને વિદ્યાર્થીઓને તાત્કાલીક ધોરણે ઈમારતની બહાર લઈ જવામાં આવ્યા હતા અને સમગ્ર કેમ્પસમાં ચકાસણી કરવામાં આવી હતી. જો કે, આખરે કેમ્પસમાં કોઈપણ વાંધાજનક વસ્તુ મળી ન હતી. જેથી તમામને રાહત થઈ હતી. જ્યારે આ ફોનકોલ આવ્યો ત્યારે કેમ્પસમાં મોટી સંખ્યામાં લોકો હતા. સ્ટાફના સભ્યો અને વિદ્યાર્થીઓ પણ હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, બપોરે ૧૨ વાગ્યાની આસપાસ આઈઆઈએમબીમાં ફોનકોલ આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, કેમ્પસમાં બોંબ પ્લાન્ટ કરવામાં આવ્યો છે. સ્ટાફના સભ્યોએ તરત જ પોલીસને જાણ કરી હતી અને ઈમારત ખાલી કરી દેવામાં આવી હતી. જો કે હાલમાં વેકેશન હોવાના કારણે ખૂબ ઓછા વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યો હતા. તરત જ બોંબને નિષ્ક્રીય કરતી ટુકડી સ્નીફર ડોગ સાથે પહોંચી ગઈ હતી અને ઊંડી તપાસ હાથ ધરી હતી.

## મુંબઈમાં ફરી અંડરવર્લ્ડનો આતંક

મુંબઈ, તા.૨૩

દેશના વાણિજ્ય પાટનગર ગણાતાં મુંબઈમાં ફરી એકવાર અંડરવર્લ્ડનો સકંજો જોવા મળી રહ્યો છે. આઈપીએલમાં એક બાજુ મોટાપાયે સ્પોટ ફિક્સિંગના મામલાઓ સપાટી ઉપર આવી રહ્યા છે. પરંતુ બીજી બાજુ અંડરવર્લ્ડે હવે મુંબઈના હોટલો અને બિલ્ડરો ઉપર પણ પોતાની દહેશત ઉભી કરી લીધી છે. માર્ચ ૨૦૧૨ના દિવસે પુરા થયેલા નાણાકીય વર્ષમાં મુંબઈ પોલીસને સેન્ટ્રલ મુંબઈ અને અન્ય વિસ્તારોમાંથી વસુલી કરવાના ૩૮ મામલાઓ જાણવા મળ્યા હતા. પરંતુ માર્ચ ૨૦૧૨માં આવા ૭૦ મામલાઓ નોંધવામાં આવ્યા હતા. વધારે કેસ દાખલ કરવાનું કારણ એ છે કે, મંદીના કારણે હોટલ અને બિલ્ડર વધારે કમાણી કરી શકતા નથી. આનાથી નિરાશ થઈને તેઓ પોલીસના શરણે આવી રહ્યા છે. ચેમ્બુરના એક હોટેલીયરને છોટા રાજન ગેંગ તરફથી એક મોટી રકમ આપવાની ધમકી મળી હતી. આવી સ્થિતિમાં પોતાને બચાવવા માટે આ રકમ આપવાની રકમ ફરજ પડી હતી. તાજેતરમાં જ અબુસાલેમની ટોળકીએ નાસીક સેન્ટ્રલ જેલથી વકોલાના એક કોર્પોરેટર અને ડેવલોપર બ્રાયન મીરાન્ડાને વસુલીની ધમકી આપી હતી. એક હોટેલીયરના જણાવ્યા મુજબ પોલીસ પુરતું રક્ષણ આપી રહી નથી. જેથી મોટાભાગના કિસ્સાઓમાં નાણાં મોકલી દેવામાં આવે છે. સાથે-સાથે મુંબઈ પોલીસમાં ઉપરના અધિકારીઓના વડા બનવાની એક પ્રકારની સ્પર્ધા ચાલી રહી છે. જેથી કોઈપણ કેસ શોધી શકાતા નથી. આઈપીએલમાં પણ દિલ્હી પોલીસે બાજી મારી લીધી છે.આવી સ્થિતિમાં ફાયદો ઉઠાવવા માટે હવે અંડરવર્લ્ડના લોકોએ બિલ્ડરો ઉપર વર્ચસ્વ જમાવવાની શરૂઆત કરી છે. હોટેલીયરો, બારના માલિકો, બિલ્ડરો, મોટા વેપારીઓ, બોલીવુડના કલાકારોને ધમકીઓ આપવાની શરૂઆત કરી દીધી છે. આના માટે અંડરવર્લ્ડના લોકો વિદેશી સીમ કાર્ડ (ગ્લોબલ કાર્ડ)નો ઉપયોગ કરવા લાગ્યા છે. એક બિલ્ડરને રવિ પુજારા તરફથી એવી ધમકી પણ મળી હતી કે, ફ્લેટની કિંમતમાં ઘટાડો કરવામાં આવે. પોલીસ પણ અંડરવર્લ્ડની વધતી જતી દરમિયાનગીરીથી ફરી એકવાર સક્રિય થઈ છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, વસુલાતની ઘટનાઓ વધવાથી કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઉભી થઈ ગઈ છે. કેસની સંખ્યા વધવાનું કારણ એ છે કે, પોલીસ ફરિયાદ દાખલ કરવામાં ઉદાસીનતા દર્શાવી રહી નથી. નાની ફરીયાદો પણ નોંધવામાં આવી રહી છે.

## પંજાબમાં કારમાં આગ લાગતા પરિવારના ચારના કરૂણ મોત

અંબાલા, તા.૨૩

પંજાબમાં કાળઝાળ ગરમી વચ્ચે કારમાં ભીષણ આગ ફાટી નીકળતા એક જ પરિવારના ચાર સભ્યો બળીને ભળથુ થઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. જે કારમાં તેઓ મુસાફરી કરી રહ્યા હતા તે કારમાં અંબાલા-બરારા રોડ ઉપર વૃક્ષ સાથે અથડાયા બાદ આગ ફાટી નીકળી હતી.

આ બનાવથી અંબાલા-બરારા માર્ગ ઉપર ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. બનાવની જાણ થયા બાદ પોલીસ ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. આગમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં શારદાનગર સહારનપુરના ૬૦ વર્ષીય વિજય સીંઘલા, તેમના પત્ની ૫૫ વર્ષીય અનીતા આ દંપત્તિના પુત્ર ૨૧ વર્ષીય ગુરુદત્ત અને ગુરુદત્તના મિત્ર અમિત પાંડે તરીકે ઓળખાયા છે. આ તમામ લોકો પંચકુલામાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપ્યા બાદ સહારનપુર જઈ રહ્યા હતા ત્યારે, આ બનાવ બન્યો હતો. પોલીસે કહ્યું છે કે, તમામના મૃતદેહો પોસ્ટમોર્ટમ ચકાસણી માટે અંબાલા નજીક મુલ્લાના ખાતે એમએમ મેડીકલ કોલેજમાં ખસેડવામાં આવ્યા છે.

## યરવાડા જેલમાં સંજય દત્ત હવે કેદી નંબર-૧૬૬૫૬

પુણે, તા.૨૩

બોલીવુડના અભિનેતા સંજય દત્તની ઓળખ કેદી નંબર-૧૬૬૫૬ તરીકે કરી લેવામાં આવી છે. સંજય દત્તને મુંબઈની આર્થર રોડ જેલમાંથી યરવાડા જેલમાં ખસેડવામાં આવ્યો છે.

સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ બોંબ બ્લાસ્ટના મામલામાં આર્મ્સ એક્ટ હેઠળ સજા ભોગવી રહેલા સંજય દત્તને સુરક્ષાના કારણોસર અલગ સેલમાં રાખવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષ ૧૯૯૩ના બ્લાસ્ટના મામલામાં સંજય દત્તને અપરાધી ઠેરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ૪૨ મહિનાની જેલની સજા હવે ગાળવાની બાકી છે. હાલમાં સુપ્રીમ કોર્ટે સંજય દત્તને છ વર્ષની સજાને ઘટાડીને પાંચ વર્ષ કરી દીધી હતી. સંજય દત્તને સુપ્રીમ કોર્ટે ૧૪મે ના દિવસે બાકીની સજા ગાળવા માટે શરણાગતિ સ્વીકારવા વધારે મેહતલ આપવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ સંજય દત્તે સુપ્રીમના આદેશને માન આપીને ટાડા કોર્ટમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી.

## ભારત સામે અનેક સુરક્ષા પડકારો : સિંહની કબુલાત

ગુડગાંવ, તા.૨૩

વડાપ્રધાન મનમોહન સિંહે આજે કહ્યું હતું કે, દેશ હાલમાં અનેક સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં દેશની રાજકીય વિચારધારામાં ફેરફાર કરવાની તાકીદની જરૂર છે. સાથે સાથે સર્વોચ્ચ સંરક્ષણ સંસ્થાઓના ફેર મુલ્યાંકનની પણ જરૂર ઉભી થઈ છે. ગુડગાંવના બિનોલામાં ઈન્ડીયન નેશનલ ડીફેન્સ યુનિવર્સિટી માટે આધારશીલા મુક્યા બાદ ઉપસ્થિતિ લોકોને સંબોધન કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે, ભારત રણનીતિની દ્રષ્ટિએ એશિયાની વચ્ચોવચ છે. સાથે-સાથે દુનિયાના સૌથી વ્યસ્ત રહેતા દરિયાઈ માર્ગો પણ તેની પાસે છે. આવી સ્થિતિમાં દેશની વિચારધારામાં ફેરફાર લાવવાની જરૂર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, દેશના



સંરક્ષણ નિષ્ણાંતો જટીલ વાતાવરણને લઈને સાવધાન રહે તે જરૂરી છે. અમે કઈ સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ તે અંગે પણ સાવધાની રાખવી જોઈએ. વડાપ્રધાને કહ્યું હતું કે, દેશની સુરક્ષા આજે જેટલી મજબુત છે અગાઉ ક્યારેય પણ ન હતી. ભારત અનેક સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યું છે. જેને કોઈપણ કીંમતે ટાળી શકાય નહીં. અમે એવા ક્ષેત્રમાં રહીએ છીએ જ્યાં પડોશી દેશોથી અમને પરંપરાગત, વ્યુહાત્મક અને બિન પરંપરાગત પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. આ પડકારો અને તકોને ધ્યાનમાં લેતા અમને પોતાની રાજકીય વિચારધારામાં ફેરફાર કરવાની જરૂર છે. વડાપ્રધાને એમ પણ કહ્યું કે, સરકાર સંરક્ષણ અધિગ્રહણમાં પારદર્શક્તા જાળવી રાખવાના તમામ પ્રયાસ કરી રહી છે અને આગળ પણ ઈમાનદારીના ઉંચા માપદંડને જાળવી રાખવામાં આવશે.

મનમોહન સિંહે કહ્યું હતું કે, સંરક્ષણ યુનિવર્સિટી રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે સાબિત થશે. આનો મુખ્ય હેતુ દેશ, સરકાર અને સંરક્ષણ દળોને સર્વશ્રેષ્ઠ લશ્કરી સલાહ સુચન કરવાના રહેશે.

## લાઈવ વેબકેમ પર પતિની સામે પત્નીની આત્મહત્યા

મુંબઈ, તા.૨૩

લાઈવ વેબકેમ ઉપર પતિની સામે જ પત્નીએ આત્મહત્યા કરતા ભારે સનસનાટી મચી ગઈ છે. આ ચોંકાવનારો મામલો સપાટી ઉપર આવતા અન્ય લોકો પણ આઘાતમાં ઘરકાવ થઈ ગયા છે. પુણેમાં એક મહિલાએ પોતાના પતિની સાથે વેબકેમ ઉપર લાઈવ ચેટ કરતી વેળા આત્મહત્યા કરી લીધી હતી. આ મહિલાએ પંખા ઉપર લટકી જઈને આત્મહત્યા કરી હતી. જો કે તેના પતિ પાસે તેને મરતી નિહાળવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહ્યો ન હતો. મળેલી માહિતી મુજબ નહેરુનગર વિસ્તારમાં ઝુપડપટ્ટીમાં રહેતી શોભના અને સ્વપ્રિલ એકબીજાના પ્રેમમાં હતા. બન્નેએ પરિવારથી વિરુદ્ધમાં જઈને કોર્ટમાં લગ્ન પણ કરી લીધા હતા. પરંતુ શોભના પોતાના માતા-પિતાની સાથે જ રહેતી હતી. જ્યારે તેના પરિવારના સભ્યોને લગ્ન અંગે જાણ થઈ ત્યારે પારસ્પરિક વાતચીત બાદ બન્નેના લગ્ન કરાવી આપવાની મંજુરી પણ આપી હતી. જોકે, કેટલાક કારણોસર બન્ને પરિવારો વચ્ચે સંબંધો ફરી ખરાબ થયા હતા. જેથી બન્ને કોઈપણ રીતે મળી શકતા ન હતા. શોભના આ તમામ બાબતોને લઈને હેરાન-પરેશાન હતી.

બુધવારના દિવસે શોભનાએ વેબકેમથી લાઈવ ચેટીંગ વેળા આત્મહત્યા કરી લીધી હતી. તેનો પતિ પોતાના કોમ્પ્યુટર ઉપર આ બાબત લાઈવ નિહાળી રહ્યો હતો. તેને ઉતાવળમાં શોભનાની બહેનને આ અંગે જાણ કરી હતી. પરંતુ ત્યાં સુધી ખુબ મોડું થઈ ગયું હતું. પતિએ તરત જ પત્નિના પરિવારના સભ્યોને ફોન કરીને જાણ પણ કરી હતી. મળેલા અહેવાલ મુજબ બન્નેએ ગુપ્તરીતે કોર્ટમાં લગ્ન કર્યા હતા. પરંતુ બન્ને અલગ રીતે રહેતા હતા કારણકે, શોભનાના પતિના માતા-પિતા દ્વારા દહેજની ૨૦ લાખ રૂપિયાની માંગ કરી હતી. પોલીસે દહેજનો કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## સ્પોટ ફિક્સિંગમાં આઇટીની હવે હવાલા, ગેરકાયદે રોકડમાં તપાસ

નવી દિલ્હી,તા. ૨૩

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ સ્પોટ ફિક્સિંગના મામલે ધરપકડ કરવામાં આવેલા ક્રિકેટરો અને બુકીઓની તકલીફ આગામી દિવસોમાં વધી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ આવકવેરા વિભાગે કથિત હવાલા કાંડ અને ગેરકાયદે રોકડ લેવડદેવડના મામલે તપાસહાથ ધરતા સનસનાટી મચી ગઈ છે. તમામ ઝડપાયેલા ક્રિકેટરો અને બુકીઓની હવે આઈટી વિભાગના અધિકારીઓ પણ તપાસ હાથ ધરે તેવી શક્યતા છે. જેથી હવે શ્રીસંત અને અન્યોની વધુ તપાસ કરવામાં આવશે. મળેલી માહિતી મુજબ આઈટી વિભાગના અધિકારીઓ દિલ્હી પોલીસ અને અન્ય અધિકારીઓના સતત સંપર્કમાં છે. માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી એકત્રિત કરી લેવામાં આવ્યા બાદ વધુ કઠોર તપાસ હાથ ધરાશે. કરવેરા ચોરીના મામલે તપાસ ચાલી રહી છે. સ્પોટ ફિક્સિગના નવા આક્ષેપોમાં શંકાસ્પદ હવાલા સંબંધિત સોદાબાજીની બાબત સપાટી પર આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ વિભાગ દિલ્હી અને મુંબઈ પોલીસની ખાસ યુનિટ દ્વારા ધરપકડ કરવામાં આવેલા તમામ ખેલાડી અને અધિકારીઓના નિવેદનની નોંધણી કરશે. તેમની પૂછપરછ પણ કરી શકે છે. ઝડપાયેલા ખેલાડીઓ અને બુકી પર હવે સકંજો વધારે મજબુત બનશે. ગયા ગુરૂવારના દિવસે આઈપીએલ સ્પોટ ફિક્સિંગનો પર્દાફાશ થયા બાદથી હજુ સુધી ત્રણ આઈપીએલ ખેલાડી ઝડપી બોલર શ્રીસંત, અજિત ચંડીલા અને અંકિત ચવ્હાણની ધરપક કરવામાં આવી છે. આ ઉપરાંત બોલિવુડ સ્ટાર વિન્દુની પણ ધરપકડ કરવામાં આવી છે. આઈટી વિભાગના અધિકારીઓ કેસમાં હજુ સુધી ધરપકડ કરવામાં આવેલા ખેલાડીઓ અને બુકીઓની પુછપરછ કરીને વધારે માહિતી એકત્રિત કરશે. વિભાગના સુત્રોએ કહ્યું છે કે આ કેસમાં સક્રિય અન્ય લો એન્ફોર્સમેન્ટ સંસ્થાઓ સાથે પણ નજીકથી સંકલન કરવાની યોજના વિભાગ ધરાવે છે. આઈટી તપાસકારો ટેક્સ રીટર્ન અને લોકોની લેવડદેવડમાં પણ તપાસ કરશે. અન્ય તપાસ સંસ્થા એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ પણ સ્પોટ ફિક્સિગમાં તપાસ હાથ ધરે તેવી શક્યતા છે. આ કેસમાં મની લોન્ડરિંગ તપાસ પણ કરવામાં આવી શકે છે. વિભાગે પહેલાથી જ ગયા વર્ષે શંકા ગયા પોતાની રીતે તપાસ કરી હતી. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે મુંબઈ અને દિલ્હી પોલીસ ઉપરાત હવે દેશના અન્ય રાજ્યોમાં પણ સ્પોટ ફિક્સિંગના મામલે તપાસ ચાલી રહી છે. જુદા જુદા સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

આવી સ્થિતીમાં હજુ વધુ વિગત આવી શકે છે. વધુ કેટલીક ટોચની હસ્તીઓની ધરપકડ કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આવનાર દિવસોમાં હાલ ચાલી રહેલી ગુપ્ત તપાસના ભાગરૂપે કેટલાક અન્યોના નામની જાહેરાત કરવામાં આવી શકે છે. શંકા હેઠળ રહેલા લોકોના નામ હજુ ગુપ્ત રાખવામાં આવી રહી છે. કારણ કે નામ જાહેર કરવાથી તપાસને અસર થઈ શકે છે. તમામ રાજ્યોની પોલીસ સંકલન પણ જાળવી રહી છે. સ્પોટ ફિક્સિગથી ભારે હોબાળો મચેલો છે.

## સમાચાર ઝલક

- ઘાસચારાની તંગીને અભાવે પશુધન ભટકી રહ્યું છે : પરિવર્તન પાર્ટી.
- કાળઝાળ ગરમી, લગ્નોત્સવ અને પેટાચૂંટણીની જંગ પરાકાષ્ઠાએ.
- ફિલ્મ નિર્માતા, સંગીતકાર, બોલીવુડની હસ્તીઓ તથા ક્રિકેટરોની જીવનસંગીનીઓ - સ્પોટ ફિક્સીંગમાં શામેલ હોવાનું અનુમાન.
- નવી કારમાં આજથી હાઇ સિક્યોરીટી નંબર પ્લેટ ફરજિયાત.
- ભારત જળસંકરની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.
- પતિના અવસાનની ક્રિયામાં ગયેલી પત્નીના ઘરમાં ઘરફોડ ચોરી - સુરેન્દ્રનગર જિલ્લાનો કરૂણ બનાવ.
- માલેગાંવ કેસ : ચાર્જશીટ દાખલ કરાઇ, અસિમાનંદનો ઉલ્લેખ નથી, સંઘને રાહત.
- ભોપાલની દબંગ મહિલાથી બદમાશો થરથર કાંપવા લાગે છે, ૨૦૦૦થી વધુ ગુનેગારેને જેલમાં સબડતા કરી દીધા.
- વિકલાંગો માટે અવાજના આધારે ચાલતી અનોખી ખુરશી બનાવાઇ.
- મહિલા કર્મચારીઓ લાંચના છટકામાં વધુ ઝડપાતા જાય છે, કોઠારીયામાં મહિલા તલાટી લાંચ લેતાં ઝડપાયા.
- ડીજેના તાલે ઝૂમવા જતા જાનને અકસ્માત, ૧૫ જાનૈયા ઘાયલ, ઘાયલોમાં વરરાજાની માતાનો સમાવેશ.
- બુકીઓ પર તવાઇ વધતાં થાઇલેન્ડ, સિંગાપોર, દુબઇ જઇ ધંધો શરૂ કર્યો.
- દેશનાં વરિષ્ઠ પત્રકાર કુલદિપ નાયરને લાઇફ ટાઇમ એચીવમેન્ટ પુરસ્કારથી મુંબઇ પ્રેસ કલબ નવાજશે.
- સાપુતારામાં ઉડન ખટોલા બગડતાં મુસાફરો પાંચ કલાક હવાં ઉધ્ધર જીવે રહ્યા. તંત્ર મૌન.
- રશિયામાં ૬ રીક્ટર સ્કેલનો ભૂકંપ.
- ઊંઝા ઉમિયા માતાજી ટ્રસ્ટ દ્વારા હરિદ્વારમાં ૨૫ કરોડના ખર્ચે ૧૦૦ રૂમવાળા વિશ્રામગૃહ બનશે.

## કેગ તરીકે શશીકાંત શર્માએ શપથ લીધા

નવી દિલ્હી,તા. ૨૩

શશીકાંત શર્માએ કેગ તરીકે આજે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં શશીકાંતને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૬૧ વર્ષીય શશીકાંત શર્મા ૧૯૭૬ની બિહાર કેડરની બેચના આઈએએસ અધિકારી છે. તેઓ વિનોદ રાયની જગ્યાએ કેગ તરીકે રહ્યા છે. તેમની અવધિ પાંચ વર્ષની રહેશે. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડીયા (કેગ)ના વડા તરીકે શશીકાંત શર્મા સામે ઘણા પડકાર રહેશે.

વિનોદ રાયે આ હોદ્દા પર ઉલ્લેખનીય કામગીરી અદા કરી હતી અને પોતાના અહેવાલો મારફતે યુપીએ સરકારને હચમચાવી મુકી હતી. શશીકાંત શર્માની અવધિ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીની રહેશે.

**ખજાનો** (પાના નં. ૪ નું ચાલુ)

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર**

**● સાચા જવાબો :-**

[illegible]

[illegible]

## રાહુલના ગઢમાં દસ હજાર કાર્યકર્તા ધરપકડ વહોરશે

લખનૌ,તા.૨૩

૨૭મેથી ૨ જુન સુધી ભારતીય જનતા પાર્ટી દ્વારા જેલભરો આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. પક્ષ દ્વારા જેલભરો આંદોલન માટે ત્રણ લાખથી પણ વધુ કાર્યકર્તાઓ ધરપકડ વહોરે તેવી ગોઠવણ ઉત્તરપ્રદેશમાં કરાઈ છે. રાજનાથસિંહની ટીમમાં ગુજરાતનાં પૂર્વ મંત્રી અમિત શાહનો સમાવેશ થયા બાદ તેમને ઉત્તરપ્રદેશનાં પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. કહેવાય છે કે, અમિત શાહની યુપીમાં એન્ટ્રી એટલે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો પણ ઉત્તરપ્રદેશમાં આડકતરો પ્રવેશ. અમિત શાહને અપાયેલી આ જવાબદારીનાં પહેલા તબક્કે જ ચૂંટણીની રણનીતિના ભાગરૂપે પક્ષ દ્વારા જાહેર કરાયેલા જેલભરો આંદોલન માટે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવાનું શરૂ કરી દીધું છે. ભાજપ દ્વારા મોંઘવારી, ભ્રષ્ટાચાર, કાયદો-વ્યવસ્થાના મુદ્દે જેલભરો આંદોલન યોજવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશ ભાજપનાં પ્રદેશ પ્રમુખ ડૉ.લક્ષ્મીકાંત વાજપેઈએ જણાવ્યું હતું કે, કાર્યકર્તાઓ કોઈપણ પરિસ્થિતિમાં ધરપકડ વહોરીને જેલ જશે. જો જેલ નાની પડશે અને જેલના બદલે પોલીસ તેમને પોલીસલાઈન સુધી લઈ જઈ છોડી દેશે તો પણ કાર્યકર્તાઓ આખી રાત પોલીસ સ્ટેશનમાં રહીને તેમનો વિરોધ નોંધાવશે. તેમણે કહ્યું હતું કે, ૩.૬૩ લાખ લોકોએ ધરપકડ વહોરવા અંગેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. લક્ષ્મીકાંત વાજપેઈએ જણાવ્યું હતું કે, ૨૯ મેનાં રોજ રામપુર ખાતે પક્ષનાં રાષ્ટ્રીય મહામંત્રી અને નવનિયુક્ત પ્રભારી એવા અમિત શાહ પણ ધરપકડ વહોરશે. રામપુર ઉ.પ્ર.નાં વરિષ્ઠ મંત્રી આઝમ ખાનની હોમ પિચ છે અને ત્યાંથી ઉત્તર પ્રદેશની રાજનીતિમાં એન્ટ્રી લેવાની સાથે ધરપકડ વહોરતા પહેલાં અમિત શાહ ૩૧ ડિસેમ્બર ૨૦૦૮નાં રોજ સીઆરપીએફ કેમ્પ રામપુરમાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે ઘટનાસ્થળે જશે. વાજપેઈએ વધુમાં જણાવ્યું હતું કે, ૨ જૂનનાં રોજ ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ રાજ્યની રાજધાની લખનૌ ખાતેથી ધરપકડ વહોરશે. આમ રાહુલ ગાંધીના ગઢ અને આઝમ ખાનની હોમ પિચ પરથી ગુજરાતનાં પૂર્વ મંત્રી અમિત શાહ યુપીનાં રાજકારણમાં ભાજપનો ભગવો લહેરાવવા માટે વિધિવત એન્ટ્રી કરશે.

## તુષાર પણ ટુંક સમયમાં પ્રોડક્શન હાઉસ શરૂ કરશે

મુંબઈ, તા. ૨૩

બોલિવુડમાં આજે દરેક એક્ટર અને એક્ટ્રેસ પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ક્યારેક આઈપીએલની ટીમ ખરીદે છે તો ક્યારેક પોતાનું પ્રોડક્શન હાઉસ ખોલી દે છે. ઈન્ડસ્ટ્રીમાં થોડું ઘણું પોતાનું સ્થાન મજબુત બનાવી લીધા બાદ તુષાર કપુર પણ હવે આ જ રસ્તા પર ચાલી નિકળ્યો છે. તે ટુંક સમયમાં પોતાના પ્રોડક્શન હાઉસના નામની જાહેરાત કરશે.

તુષારે પોતાની મહત્વકાંક્ષાઓ વિશે વાત કરતા જણાવ્યું હતું કે મારું પ્રોડક્શન હાઉશ ટુંક સમયમાં ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન નિશ્ચિત બનાવી દેશે. કરાણ કે હું આટલા બધા પ્રોડક્શન હાઉસની વચ્ચે એક એવા પ્રોડક્શન હાઉસનું નિર્માણ કરીશ જે ઓફબીટ ફિલ્મો બનાવશે. તુષારનું કહેવું છે કે એક સારી ફિલ્મને વ્યવસાયીક સ્વરૂપ પણ પોતાની જગ્યા બનાવતા આવડવી જોઈએ.